ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૯૭ ટકા

# ગૌરી વ્રતનો ઉત્સાહપુર્વક પ્રારંભ

## મંદિરોમાં નાની બાળાઓ પૂજાની થાળી લઈને ઉત્સાહ અને ઉમંગ સાથે પહોંચી : આવતીકાલે જયાપાર્વતી વ્રતનો પ્રારંભ





ગાંધીનગર, તા.૨૯

અષાઢ સુદ અગિયારસને ગુરુવારના દિવસે દેવપોઢી એકાદશી તથા નાની બાળાઓના મોળાવ્રત ગૌરીવ્રતનો પ્રારંભ થઈ ગયો છે. શહેરના મંદિરોમાં વહેલી સવારથી પૂજારી દ્વારા વિધિવત પૂજા કરાવવામાં આવી રહી છે. નાની બાળાઓએ પ્રથમ દિવસે ઘઉંના જવારા વાવી પૂજન કર્યું હતું. નવા નવા વસ્ત્રો પહેરીને વ્રત કરનાર બાળાઓ પૂજા માટે મંદિરોમાં પહોંચી હતી. એક પૂજાની થાળીમાં કંકુ, કેસર, નાગલાં, અબીલ, ગુલાલ, સોપારી, કમરકાકડી, નાડાછડી, ફળ, ફુલ વગેરેથી જવારાનું પૂજન કરવા માટે શિવ મંદિરોમાં પાંચેય દિવસ જશે અને ગૌરી વ્રતનું જાણીતું ગીત જે આ નાની બાળાઓ પોતાની કાલીઘેલી ભાષામાં ગોરમાનો વર કેસરિયો.., ગોરમાનો વર કેસરિયો.. ગાતી ગાતી સમુહમાં મળીને જાય છે. ત્યારે આ દ્રશ્ય શોભાનું નજરાણું બની જાય છે. ગૌરીવ્રતના પ્રથમ દિવસે નાની બાળાઓ દ્વારા સાજ શણગાર કરી સાક્ષાત પાર્વતીજીના પ્રતિક સમાન જવારાની પૂજા કરવામાં આવી હતી. માતા પાર્વતીજીનું પ્રતિક જવારા છે. અષાઢ મહીનો એટલે વરસાદનો મહીનો અને હરીયાળીનો મહીનો. જેના પ્રતિકરૂપે જ વ્રત દરમિયાન જવારાની પૂજા કરવામાં આવે છે. સાત પ્રકારના ધાન્ય ઘઉં, જવ, તલ, મગ, તુવેર, ચોળા, અક્ષત વાવીને જવારા ઉગાડવામાં આવે છે. આ જવારા એ સ્વયં માતા પાર્વતીનું પ્રતિક મનાય છે.આમ, ગૌરી વ્રતના પ્રથમ દિવસે નાની બાળાઓમાં ઉમંગ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. દર વર્ષે ગૌરી વ્રતના પ્રારંભ સમયે વરસાદી માહોલ છવાયેલો રહે છે તેમ આ વર્ષે પણ વરસાદી માહોલ હોવાથી બાળાઓમાં ખુબ હર્ષોલ્લાસ છવાયો છે. આ દિવસો દરમિયાન મોળું જ જમવાનું હોવાથી વિવિધ ફરાળી વાનગીઓ અને ફળફળાદિનું સેવન કરી શ્રધ્ધાપૂર્વક ગૌરીવ્રત અને જયા પાર્વતી વ્રતની ઉજવણી કરવામાં આવશે.

# વાડોકાઈ કરાટે ડો ફેડરેશન દ્વારા બ્લેક બેલ્ટ પરીક્ષા




ગાંધીનગર, તા.૨૯

વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં કરાટે ની બ્લેકબેલ્ટ ની પરીક્ષા નું આયોજન કરવામાં આવ્યું હતું. રેન્શી ગૌરાંગભાઈ રાણા ના માર્ગદર્શનમાં કરાટે નો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ પૈકી ૧૫ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા. પુણ્ય ઠક્કરે બ્લેક બેલ્ટ ૨ દાન અને શ્રુત શાહે બ્લેક બેલ્ટ ૧ દાનની પદવી પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત કુ. જીયા રાજપૂત, કુ. સ્રીશા દવે, કુ. ધ્વનિ મીના, માધવ વર્મા, દેવર્ષ નિમાવત, શિવેન પટેલ, શુભમ શાહ, ધૈર્યવીરસિંહ જાડેજા, દીર્ઘ દવે, વેદ ઉપાધ્યાય, જસવીર સિંહ વાઘેલા, જયવલ જાની અને હસ્તક પંડ્યા એ પ્રોવિઝનલ બ્લેકબેલ્ટની પદવી પ્રાપ્ત કરી હતી.

ફેડરેશનના ગાંધીનગરના સેક્ટર ૨૮ સ્થિત મુખ્યાલય ખાતે યોજાયેલ પદવીદાન સમારોહમાં મોડર્ન કરાટેના ટેકનિકલ ડાયરેક્ટર અને નેશનલ કોચ રેન્શી ગૌરાંગભાઈ રાણા દ્વારા વિદ્યાર્થીઓને બેલ્ટની પદવી એનાયત કરવામાં આવી હતી. ફેડરેશનના ચેરમેન અને ચીફ ટેકનીકલ ડાયરેક્ટર ક્યોશી અરવિંદભાઈ રાણાએ બ્લેક બેલ્ટ અને તેનાથી ઉપરની પરીક્ષાઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરવા બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય




ગાંધીનગર, તા. ૨૯

ગજાનન સેવા સમિતિ દ્વારા રમતવીરોને ટી શર્ટ અને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુલ ૧૬૦ ટી શર્ટ આપવામાં આવી હતી. ચિકિત્સા શિબિર દરમિયાન એનએસએસના સભ્યોએ સેવા આપી હતી. તેમને પણ ટી શર્ટ આપવામાં આવી હતી. કુલ ૧૯ ચિકિત્સા શિબિર દરમ્યાન ૧૧૦ લોકોને દૂરના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમિતિ વતી સમ્રાટનાથ તથા મિલિન્દભાઈએ સેવા આપી હતી.

# સે. ૧૨ સૌરાષ્ટ્ર કડવા પાટીદાર હોલ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

પતંજલી યોગ સમિતિ, માનસ યોગ સેવા ટ્રસ્ટ અને ડિવાઈન યોગ એન્ડ નેચરોપેથી સેન્ટર દ્વારા તારીખ ૩ જુલાઈ અષાઢ સુદ પૂનમને સોમવારના રોજ આપણી ભારતીય પરંપરા પ્રમાણે ગુરૂ શિષ્યના અણમોલ ઋણાનુબંધને ઉજાગર કરવા ગુરૂપૂર્ણિમા મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે સૌરાષ્ટ્ર કડવા પાટીદાર હોલ, વિશ્વકર્મા મંદિરની સામે, સે. ૧૨ ખાતે સાંજે ૪.૩૦ થી શરૂ થશે.




ગાંધીનગરમાં મુશળધાર વરસાદ બાદ શહેરમાં ચાલી રહેલી ગટર અને પાણીની લાઈનની કામગીરીને કારણે વિવિધ વસાહતી ક્ષેત્રોમાં પાણી ભરાવા સહિતની સમસ્યાના ઝડપી નિકાલ માટે શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટે સેવાકીય સંગઠનના ભાવ સાથે સંગઠનના પદાધિકારીઓ, સિનિયર આગેવાનો, ચુંટાયેલા સભ્યોને તેમના વિસ્તારમાં વરસાદને લીધે જે પણ અગવડતાની પરિસ્થિતિ સર્જાઈ હોય તેની જાણકારી લઈ વહીવટી પાંખ સાથે સંકલન સાધી ઝડપથી નિકાલ આવે તે મુજબ કામ કરવા માટે જણાવ્યું હતું. વિવિધ વિસ્તારોમાં ભાજપના આગેવાનો, ચુંટાયેલા સભ્યોએ ગઈકાલે રાત થી જ રૂબરૂ જઈ નાગરિકોની સમસ્યા દૂર કરવાનું કાર્ય ચાલુ છે.



શહેરના અગ્રણી સિનિયર સિટીઝન જે.જી. ત્રિવેદીના જન્મ દિવસે યોગ ગ્રુપના સર્વ સભ્યોએ યોગ કરી જે.જી. ત્રિવેદીને ૭૯માં વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પંડ્યા નીલાબેન રાજેન્દ્ર** ઉ.વ.૬૩, ગાંધીનગર
- **સ્વ.ઠાકોર ગજરાબેન રામાજી** ઉ.વ.૮૦, વડુ, કડી
- **સ્વ.સોની સુમિત્રાબેન લક્ષ્મીચંદ** ઉ.વ.૬૫, પેથાપુર
- **સ્વ.વાઘેલા ગોવિંદસિંહ ભગુજી** ઉ.વ.૫૬, પીંપળજ
- **સ્વ.દંતાણી વિશાલભાઈ લાલાભાઈ** ઉ.વ.૨૬, કોલવડા

# મારૂ મન મોર બની થનગાટ કરે...



અફાટ કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠે છે ત્યારે સૌ પ્રથમ મોરનો 'મેં...આઉ...મે...આઉ' અવાજ જ માનવ અને કુદરતને જોડી દે છે. શહેરમાં પુનિતવન ખાતે મોર અને ઢેલના સુંદર મજાના દશ્યો જેમાં કાળાડિબાંગ વાદળોના ગડગડાટ સાથે મોર તેના પીંછા ફેલાવી, કળા કરીને નૃત્ય કરતાં ગોળ ગોળ ફરવા લાગે છે. પીંછાને ઝડપથી ધ્રુજાવે છે જેને આપણે 'કળા' કરી એમ કહીએ છીએ. વાસ્તવમાં તે ઢેલ (માદા મોર)ને આકર્ષવા માટે આવુ કરે છે જે બહુ ઓછા લોકો જાણે છે.

# ગાંધીનગર શહેરમાં ડૉ. હેડગેવાર સેવા સમિતિ તેમજ ગાયત્રી પરિવાર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

## અરડૂસી,લીંમડો, બોરસલ્લી, આમળા, ચંપો, સીતાફળ, જામફળ જેવા ફળાઉ તેમજ ઔષધિય સહિત અંદાજે ૨૫૦ છોડ રોપાયા



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરને વધુને વધુ હરિયાળું બનાવવાના લક્ષ્ય સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ- પ્રેરિત ડૉ. હેડગેવાર સ્મારક સેવા સમિતિ ,ગાયત્રી પરિવાર તેમજ સ્થાનિક પરિવારો દ્વારા સેક્ટર-૨૩ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગરમાં મહાનગરપાલિકાની ખુલ્લી જગ્યામાં હરિયાળું વન બનાવવાના હેતુથી આમળા, ચંપો, સીતાફળ, જામફળ જેવા ફળાઉ તેમજ અરડૂસી,લીંમડો, બોરસલ્લી જેવા ઔષધિય સહિત અંદાજે ૨૫૦ છોડ પ્રકૃતિ વંદના અને મંત્રોચ્ચાર સાથે રોપવામાં આવ્યા હતા.

આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ડૉ. હેડગેવાર સ્મારક સેવા સમિતિના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ જોષી ,ગાયત્રી પરિવારના શ્રી પિનાકીનભાઈ વ્યાસ સહિત મોટી સંખ્યામાં વૃક્ષપ્રેમી ભાઈઓ, બહેનો, વડીલો તેમજ બાળકોએ સહભાગી થઈને વૃક્ષોનું જતન કરીને તેને સારી રીતે ઉછેરવાનો સંકલ્પ પણ કર્યો હતો તેમ,ડૉ. હેડગેવાર સ્મારક સેવા સમિતિ,સેક્ટર-૨૩ની યાદીમાં જણાવવામાં આવ્યું છે.



શહેરમાં હજી તો વરસાદનું આગમન જ થયું છે ને ઠેર-ઠેર ભુવાઓ પડવા લાગ્યા છે. વરસાદના કારણે સે. ૮-બીમાં તંત્રની કામગીરીની પોલ ખુલી ગઈ છે. પાઈપલાઈન નાંખ્યા બાદ યોગ્ય પુરાણ ન થવાના કારણે મસમોટો ભુવો પડતા તંત્રની કામગીરી છતી થઈ છે.

## જન્મદિને વધામણી



અંગિરા ત્રિવેદી અધ્વર્યુ



મહેશ ડી ઠાકોર
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩




દક્ષ ભરતભાઈ વાઘેલા
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩



મનોજકુમાર પ્રજાપતિ
મો. ૯૭૨૩૮ ૧૪૨૪૧



ઝંકૃતિ



ઠાકોર વિપુલકુમાર



ઠાકોર મુન્નીબેન



યાના પટેલ

# ગાંધીનગરમાં ઈદ ઉલ અદાની ઉલ્લાસભેર ઉજવણી

## શહેરની મસ્જિદોમાં વહેલી સવારે વિશેષ નમાઝ અદા કરાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં ઈદ ઉલ અદાની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે ઈદની નમાઝ અદા કર્યા બાદ સૌએ એકબીજાને ઈદમુબારક કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

શહેરમાં વસવાટ કરતા મુસ્લિમ બિરાદરોએ ઈલ ઉલ અદાની ઉજવણી કરી હતી. વરસાદી સિઝન હોવા છતાં ગઈકાલ સાંજથી જ બજારોમાં ઈદની ખરીદી થતી જોવા મળી હતી. સૈવેયા, દૂધ, ડ્રાયફ્રૂટ, ફળો અને અન્ય સામગ્રીની ખરીદી બજારોમાં થઈ હતી. આજે વહેલી સવારે સેક્ટર-૨૧ની જુમ્મા મસ્જીદ અને સેક્ટર-૨૯ની મસ્જીદમાં ઈદની વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી. આ ઉપરાંત ચરેડી અને પેથાપુર ગામમાં ઈદની નમાઝ અદા કરવામાં આવી હતી.

ઈદની નમાઝ બાદ મુસ્લિમ બિરાદરોએ એકબીજાના ઘરે જઈ ઈદ મુબારકની શુભેચ્છાઓ પાઠવી હતી. ખૂબ શાંતિપૂર્ણ માહોલમાં ઈદની ઉજવણી થઈ હતી. મુસ્લિમ બિરાદરોએ ઈદની ઉજવણી માટે બપોર બાદ વતનની વાટ પકડી હતી. અમદાવાદ અને આસપાસના હરવા ફરવાના સ્થળોએ જઈને ઈદની ઉજવણી કરાઈ હતી. જો કે આ વર્ષે ઈદના તહેવાર પર જ ખૂબ વરસાદ હોવાથી અમદાવાદથી ગાંધીનગર ફરવા આવનારા મુલાકાતીઓની સંખ્યા ઓછી રહી હતી.

